### સ્કૂટરમાં બોટલ લઈને જતા શખ્સની અટકાયતઃ

# જામનગરમાં બે મકાનમાંથી મળી દારૂની પાંચ બોટલઃ મોટરમાંથી અડધી બોટલ કબજે

*જામનગર તા. ૬: જામનગરના નદીપા રોડ પરથી સ્કૂટરમાં દારૂની બોટલ લઈને જતા શખ્સની પોલીસે અટકાયત કરી છે. સિદ્ધિ વિનાયક પાર્કમાં મકાનમાંથી બે બોટલ અને દિગ્વિજય પ્લોટમાં મકાનમાંથી ત્રણ બોટલ સાંપડી છે. જામજોધપુરમાં મોટરમાંથી દારૂની અડધી બોટલ સાથે એક શખ્સ ઝડપાયો છે.*

જામનગરના નદીપા રોડ પર જતી શેરીમાં એક સ્કૂટરમાં ગઈકાલે રાત્રે ઈંગ્લીશ દારૂની બોટલ લઈને જતાં શંકરટેકરીની સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા ઉદય નટુભાઈ સાગઠીયા નામના શખ્સની પેટ્રોલિંગમાં રહેલા દરબારગઢ પોલીસ ચોકીના સ્ટાફે અટકાયત કરી સ્કૂટર, દારૂની બોટલ તથા એક મોબાઈલ કબજે કર્યો છે. આ શખ્સે શંકરટેકરીમાં જ રહેતા મયુર ઝાલા ઉર્ફે પિન્ટુનું નામ આપ્યું છે.

જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નં.૫૮માં આવેલા પંકજ શિતલભાઈ કાલવાણી ઉર્ફે મોરબી નામના શખ્સના મકાનમાં સિટી એ ડિવિઝનના સ્ટાફે દરોડો પાડી તલાશી લેતા ત્યાંથી ઈંગ્લીશ દારૂની ત્રણ બોટલ મળી આવી હતી. પોલીસે બોટલ કબજે કરી છે અને ફરાર થઈ ગયેલા પંકજની શોધ આરંભી છે.

જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા સિદ્ધિ વિનાયક પાર્કની શેરી નં.૧માં નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ જાડેજા ઉર્ફે નિલેશસિંહ નામના શખ્સના મકાનમાં પોલીસે દરોડો પાડી તલાશી લેતા ત્યાંથી ઈંગ્લીશ દારૂની બે બોટલ મળી આવી હતી.

જામજોધપુર શહેરમાં વેણુ નદીના પુલ પાસેથી મેલાણ જવાના રસ્તા પર ગઈકાલે સાંજે દોડી જતી જીજે-૩-બીએ ૪૦૬૧ નંબરની વેગનઆર મોટરને પોલીસે રોકાવી ચેક કરતા હાલમાં રાજકોટ નજીકના વેરાવળ ગામમાં રહેતા મૂળ વાલાસણ ગામના ધવલ પરબતભાઈ મારૂ નામના શખ્સના કબજામાંથી ઈંગ્લીશ દારૂની અડધી ભરેલી બોટલ મળી આવી હતી.

### સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા પોલીસ દ્વારા તપાસઃ

# બાંકોડીના યુવાનનું અકળ કારણથી વિષપાન

જામનગર તા. ૬: કલ્યાણપુરના બાંકોડી ગામના એક યુવાને સોમવારે અકળ કારણથી ઝેરી દવા પી લીધા પછી તેઓનું સારવારમાં મૃત્યુ નિપજ્યું છે. મૃતકના ભાઈનું નિવેદન નોંધી પોલીસે કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના બાંકોડી ગામના રાજુભાઈ કલાભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) નામના યુવાને ગયા સોમવારે પોતાના ખેતરે જઈ કોઈ અકળ કારણથી ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

આ યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા પછી ગઈકાલે રાત્રે તેઓનું મૃત્યુ નિપજ્યું છે. મૃતકના મોટાભાઈ મુકેશભાઈ કલાભાઈ વાઘેલાએ પોલીસને જાણ કરી છે. કલ્યાણપુર પોલીસે અપમૃત્યુ અંગે નોંધ કરી આ યુવાનની આત્મહત્યા પાછળનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

### યુદ્ધ વિરામનો ભંગ

# સુદાનમાં શાળા-હોસ્પિટલ સહિત ઠેર ઠેર ડ્રોન હૂમલાઃ ૭૯ના મૃત્યુ

સુદાન તા. ૬: સુદાનની સેના અને અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસ વચ્ચેનું યુદ્ધ ૧૫ અપ્રિલ, ૨૦૨૩ના શરૂ થયું હતું. અને હજુ સુધી તે સમાપ્ત થયું નથી. જો કે, ગયા મહિને જ આરએસએફ એ સુદાનમાં એકપક્ષીય ત્રણ મહિનાના માનવતાવાદી યુદ્ધ વિરામની જાહેરાત કરી હતી. જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે તેના લડવૈયાઓ આ યુદ્ધ વિરામ દરમ્યાન કોઈ હૂમલો કરશે નહીં. હવે આરએસએફએ ફરી એકવાર આ યુદ્ધ વિરામનું ઉલ્લંઘન કર્યું છે અને ઘાતક હૂમલો કરવામાં ભૂમિકા ભજવી છે.

સુદાન પીપલ્સ લિબરેશન મૂવમેન્ટ એ આરએસએફના સમર્થનની ગુરૂવારે દક્ષિણ કોર્ડોફાનમાં ડ્રોન હૂમલા કર્યા, શળાઓ અને હોસ્પિટલો સહિત અનેક નાગરિક વિસ્તારો પર ડ્રોનથી મિસાઈલો છોડી. આ હૂમલાઓએ વ્યાપક આક્રોશ ફેલાવ્યો છે.

એસ.પી.એલ.એમ-એન દ્વારા આરએસએફના સમર્થનથી કરવામાં આવેલા આ ડ્રોન હૂમલામાં ૭૯ લોકોના મોત થયા હતા. સ્કૂલ હૂમલામાં માર્યા ગયેલા ૪૩ બાળકોનો પણ ભોગ લેવાયો હતો.


## કંપની સમાચાર

### એશિયાની સૌથી મોટી ડાયાલિસીસ સર્વિસીઝ પ્રોવાઇડર નેફ્રોપ્લસનો આઈપીઓ ૧૦ ડિસેમ્બરના ખૂલશે

એશિયાની સૌથી મોટી ડાયાલિસીસ સર્વિસીઝ પ્રોવાઇડર અને વિશ્વભરમાં પાંચમા ક્રમની (નાણાકીય વર્ષ ૨૦૨૫માં કરેલી કુલ સારવારના આંકડાની દૃષ્ટિએ) હૈદરાબાદ સ્થિત નેફ્રોપ્લસનો આઈપીઓ બુધવાર, ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ના સબસ્ક્રીપ્શન માટે ખુલશે અને શુક્રવાર, ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના બંધ થશે.

પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂા. ૪૩૮થી રૂા. ૪૬૦ નક્કી કરવામાં આવ્યો છે. લાયક કર્મચારીઓને ઇક્વિટી શેર દીઠ રૂા. ૪૧નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવે છે.

આ આઈપીઓમાં રૂા. ૩૫૩.૪ કરોડ સુધીના મૂલ્યના ઇક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂ તથા વેચાણકર્તા શેરધારકો દ્વારા ૧,૧૨,૫૩,૧૦૨ સુધીના ઇક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

નેફ્રોપ્લસનું ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં આવેલું ૧૬૫ બેડવાળું ડાયાલિસીસ ક્લિનિક વૈશ્વિક સ્તરે સૌથી મોટું ડાયાલિસીસ ક્લિનિક છે. કંપની ભારતમાં નવા ડાયાલિસીસ ક્લિનિક્સ ખોલવા માટેના મૂડી ખર્ચ માટે ફ્રેશ ઇશ્યૂની યોખ્ખી આવકમાંથી રૂા. ૧૨૯.૧ કરોડનો ઉપયોગ કરવાનો અને યોક્કસ ઉધારની પૂર્વ-ચુકવણી અથવા નિર્ધારિત ચુકવણી માટે રૂા. ૧૩૬ કરોડનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ મૂકે છે.

૨૦૦૯માં સ્થાપિત નેફ્રોપ્લસ ભારતમાં સૌથી મોટી ઓર્ગેનાઇઝ્ડ ડાયાલિસીસ સર્વિસ નેટવર્ક છે, જે ૨૧ રાજ્ય અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશના ૨૮૮ શહેરમાં ક્લિનિકનું સમગ્ર ભારતમાં નેટવર્ક ધરાવે છે. તે ફિલિપાઇન્સ, ઉઝબેકિસ્તાન અને નેપાળમાં ૫૧ ક્લિનિક્સ સહિત ૫૧૯ ક્લિનિકનું નેટવર્ક પણ ધરાવે છે.



(A PREMIER DIPLOMA ENGINEERING COLLEGE)
**KALYAN POLYTECHNIC**
MANAGED BY: DARSHIL EDUCATION FOUNDATION
Approved by AICTE & Affiliated to GTU
Jamnagar Rajkot Highway, Aliyabada Road, Jambuda Chokdi,
Village: Shekhpat, Jamnagar-361110 Contact No:-9558000112
Email:hr@kalyanpolytechnic.edu.in | Web: http://www.kalyanpolytechnic.edu.in

APPLICATION ARE INVITED FOR FOLLOWING POST FOR DIPLOMA ENGINEERING

-: Teaching Staff :-

| COURSES/BRANCH | H.O.D. | LECTURER |
|---|---|---|
| Chemical Engineering | 1 | 06 |
| Civil Engineering | 1 | 04 |
| Computer Science & Engineering | 1 | 05 |
| Electrical Engineering | 1 | 04 |
| Mechanical Engineering | 1 | 02 |
| Mathematics | 1 | 02 |
| English | - | 01 |
| Physics | - | 01 |
| Chemistry | - | 01 |

- Eligibility, Qualifications, Experience and Pay – scales as per AICTE/GTU Gujarat Govt. Norms.
- Interested candidate may apply By Sending their Latest C.V., Two Passport size Photo, Photocopy of all relevant documents, at above Address on or before 15/12/2025 Via Register A.D. only.
- No. of Vacancies may vary at time of Interview.
- Applicant shall be informed about interview Via Email/Phone.


### ટીએમસીના સસ્પેન્ડ ધારાસભ્ય

# હુમાયુ કબીર દ્વારા આજે બેલડાંગામાં બાબરી મસ્જિદના શિલાન્યાસનો કાર્યક્રમ

### એક સાઉદી ધર્મગુરુ ઉપસ્થિતઃ ૩૦ હજાર કરતા વધુ લોકોની જનમેદની

કોલકાતા તા. ૬: પશ્ચિમ બંગાળમાં એક મોટો કાર્યક્રમ બનવાનો છે. આજે ૬ ડિસેમ્બર મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગમાં એક ખાસ દિવસ છે. સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્ય હુમાયુ કબીર પોતાનું વચન પૂર્ણ કરવા જઈ રહ્યા છે. હા, હુમાયુ કબીર આજે શનિવારે બાબરી મસ્જિદના નમૂનારૂપ મસ્જિદનો શિલાન્યાસ કરવાના છે. બાબરી મસ્જિદનો શિલાન્યાસ સમારોહ બેલડાંગમાં યોજવાનો છે. આ એક વિશાળ કાર્યક્રમ હશે, જેમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે. એવું માનવામાં આવે છે કે, સાઉદી ધર્મગુરુ શિલાન્યાસ કરશે. ચાલો હુમાયુ કબીરના બાબરી મસ્જિદના શિલાન્યાસ સમારોહની તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાઓનું અન્વેષણ કરીએ. બાબરી મસ્જિદ જેવી મસ્જિદના શિલાન્યાસ સમારોહમાં સાઉદી અરેબિયાના ધર્મગુરુઓ હાજરીઆપે તેવી અપેક્ષા છે. હજારો લોકો માટે ભોજન તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેના કારણે અધિકારીઓએ સુરક્ષા કડક બનાવી છે. હુમાયુ કબીરને આ મસ્જિદ માટે કિંમત પણ ચૂકવવી પડી છે. કોંગ્રેસ અને ભાજપ દ્વારા ટીએમસીમાં જોડાયેલા બળવાખોર નેતા હુમાયુ કબીરને ગુરુવારે સસપેન્ડ કરવામાં આવ્યા હતાં.

શાસક ટીએમસીએ વારંવાર કબીરના કાર્યોને સંગઠન માટે શરમજનક ગણાવ્યા છે. કબીર રાજકીય વિકાસ અને વહીવટી દબાણથી બેફિકર દેખાયા. કબીરે પત્રકારોને જણાવ્યું હતું કે શનિવારે મોરાદગી નજીક રેપ વીથા જમીન પર આશરે ૩૦૦,૦૦૦ લોકો ભેગા થશે. તેમણે એમ પણ કહ્યું કે અનેક રાજ્યોના ધાર્મિક નેતાઓએ તેમની હાજરીની પુષ્ટિ કરી છે.

સાઉદી અરેબિયાના બે કાઝી આજે સવારે કોલકાતા એરપોર્ટથી ખાસ કાફલામાં પહોંચશે. કબીરે કહ્યું, રાજ્યના એકમાત્ર ઉત્તર-દક્ષિણ હાઈવે, એનએચ-૧૨ પર સ્થિત વિશાળ સ્થળ પર તૈયારીઓ હાઈ-પ્રોફાઈલ રાજકીય કાર્યક્રમો જેટલી જ તીવ્રતાથી ચાલી રહી હતી.

### બે મહિના પહેલાં એસીબીએ પકડી પાડ્યા હતાઃ

# બેરાજા ગામના સરપંચના પતિ તથા વચેટીયાની લાંચ કેસમાં જામીન અરજી રદ્દ

જામનગર તા. ૫: જામનગરના બેરાજા ગામના મહિલા સરપંચના પતિ તથા તેના દ્વારા મોકલવામાં આવેલા એક શખ્સ સામે બે મહિના પહેલાં એસીબીએ રૂા. ૭૫ હજારની લાંચનો ગુન્હો નોંધ્યો હતો. ચાર્જશીટ થયા પછી બંને આરોપીએ જામીન મુકત થવા કરેલી અરજી અદાલતે નામંજૂર રાખી છે.

જામનગર-કાલાવડ રોડ પર આવેલા ભલસાણ બેરાજા ગામમાં લીઝ પર ખાણ ચલાવવાનો કોન્ટ્રાક્ટ મેળવનાર આસામીને બે મહિના પહેલાં બેરાજા ગામના મહિલા સરપંચના પતિ દિનેશ તેજાભાઈ જેપાર દ્વારા ખાણના કામમાં કોઈ હેરાનગતિ ન થાય તે માટે રૂા.૭૫ હજારની માગણી કરવામાં આવી હતી.

આ બાબતની એસીબીમાં ફરિયાદ કરાતા ગોઠવાયેલા છટકામાં દિનેશ તેજાભાઈ વતી રૂા.૭૫ હજાર લેવા આવેલા હમીર દેવરાજ સોલંકીને દબોચી લેવામાં આવ્યો હતો. એસીબીએ દિનેશ તેજાભાઈ તથા હમીર દેવરાજની ધરપકડ કરી જેલહવાલે કર્યા હતા.

ત્યારપછી બંને આરોપીએ જામનગરની એસીબી અદાલતમાં જામીન અરજી કરી હતી અને તેમાં જણાવ્યું હતું કે, આરોપીઓ જાહેર સેવકની વ્યાખ્યામાં આવતા નથી અને ચાર્જશીટ પણ થઈ ગયું છે. તેની સામે સરકારી વકીલ રાજેશ વશીયરે કરેલી દલીલો ગ્રાહ્ય રાખી અદાલતે બંને આરોપીની અરજી નકારી કાઢી છે.

### એક દંપતીએ માર મારી લોહીલુહાણ કર્યાઃ

# સાસુ પાસેથી મકાન લેવા પૈસા લીધા પછી તે અંગે વાત કરવા ગયેલા પ્રૌઢ પર હલ્લો

*જામનગર તા. ૬: જામનગરના એક વ્યક્તિએ પંદરેક વર્ષ પહેલાં પોતાના સાસુ પાસેથી મકાન લેવા માટે પૈસા લીધા પછી પરત આપ્યા હોવા છતાં તે મકાન સાસુ દ્વારા લેવાની વાત કરાતી હોય, સોમવારે આ વ્યક્તિ તેની વાત કરવા ગયા ત્યારે તેમના પર દંપતીએ હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યા હતા.*

જામનગરના સ્વામી નારાયણનગર નજીકના ભીમવાસમાં રહેતા રાજાભાઈ વેરશીભાઈ વાઘેલા નામના પ્રૌઢે પંદરેક વર્ષ પહેલા પોતાના સાસુ સોનીબેન ભારાભાઈ પરમાર પાસેથી મકાન લેવા માટે હાથઉછીના પૈસા લીધા હતા. તે રકમ રાજાભાઈની પુત્રી સંજનાબેનના કહેવા મુજબ પરત આપી દેવામાં આવ્યા હતા. તેમ છતાં રાજાભાઈનું આ મકાન સંજનાબેનના નાની માંગતા હતા.

આ બાબતે ગયા સોમવારે રાજાભાઈ કિસાન ચોક નજીક હીરાસરમાં કહેવા જતા ત્યાં બોલાચાલી થઈ હતી. આ વેળાએ ખીમાભાઈ કનાભાઈ પરમાર, મુરીબેન ખીમાભાઈ પરમારે ગાળો ભાંડી હુમલો કર્યો હતો. ખીમાભાઈએ ધીકાપાટુ વરસાવ્યા હતા અને મુરીબેને ત્યાં પડેલી ડોલ ઉપાડી રાજાભાઈના માથામાં ઝીંકી દીધી હતી. લોહીલુહાણ બની ગયેલા આ પ્રૌઢને સારવારમાં ખસેડવામાં આવ્યા છે. તેણીના પુત્રી સંજનાબેને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## વિપશ્યના શિબિર

જામનગર તા. ૫: વિપશ્યના ટ્રસ્ટ-જામનગર દ્વારા વિપશ્યના બાલ શિબિર તા. ૭ના સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ લીમડા લાઈન, શેરી નં. ૪, પૂજારા મોબાઈલ પાછળ, કોમર્શિયલ કોમ્પલેકસ, બીજા માળે, જામનગરમાં યોજવામાં આવી છે. ૮ થી ૧૮ વર્ષની વયજુથનાઓ આ શિબિરમાં ભાગ લઈ શકશે. રજીસ્ટ્રેશન માટે તા. ૯-૧૨ સુધીમાં મો. ૯૯૦૬૦ ૧૦૨૪૫નો સંપર્ક કરવો.


**ફ્લેટ વેચવાનો છે**
ન્યૂ સ્કૂલ પાછળ
પાવન એપાર્ટમેન્ટ
૩ જા માળે,
૨ રૂમ-હોલ-કિચન
બી વિંગમાં
સંપૂર્ણ સગવડતાવાળુ
લીફ્ટની સગવડતા નથી
મો. ૯૫૧૦૫ ૨૬૬૮૩

**જોઇએ છે**
સર્વીસ એન્જીનીયર
ITI / DIPLOMA
Hardware & Networking
કોનીકા મીનોલ્ટાના ઓથો. ડીલર માટે
(ફ્રેશર/અનુભવી)
76210 16714


## :: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતા તથા સંબંધકર્તા સર્વેને જાણ કરવાની કે, શ્રી ગુજરાત રાજયના જામનગર જિલ્લાના જામનગર ગ્રામ્ય તાલુકાના મોજે વસઈ ગામે આવેલ ખેતીની જમીન જેના રે.સ. નં. ૫૬૨ (જુના રે.સ. નં. ૧૧૧/પૈકી ૧) જેનું ક્ષેત્રફળ હેકટર ૨-૮૪-૭૫ આરે ચો. મી. તથા પોત ખરાબો હેકટર ૦-૦૨-૦૨ આરે ચો. મી.જેનું કુલ ક્ષેત્રફળ હેકટર ૨-૮૬-૭૭ આરે ચો. મી. જેનો આકાર રૂા. ૧૦-૮૦ પૈસા છે જે ખેતરનું નામ 'મોરો' છે જેના ખાતા નં. ૨૨૬ છે જેના માલિક અને કબજે ભોગવટેદાર શાંતાબેન લખમશી, ધીરેન્દ્ર લખમશી, રવિન્દ્ર લખમશી, મનીષા શરદ માલદે, અવની શરદ માલદે તથા આશની શરદ માલદે છે તે જમીન તેમના પાસેથી અમારા અસીલ ટાઈટલ કલીયરની અને સ્થાનિકે રેકર્ડ મુજબ કબજાની શરતે ખરીદ કરવા માંગતા હોય વેચાણ લેવા સોદો કરેલ છે.

આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ માં જે કોઈને મજકુર જમીન સંબંધે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, સંબંધ, દર, દાવો, કોર્ટ કેસ, વારસાઈ હક્ક કે લેણું-બોજો કરજ, અગ્રહક્ક-લીયન, ગીરો, કુલ મુખત્યારનામું, કરાર કે કબજા બાબતે, રસ્તા, સેઢા, કે કૂવાના હક્ક બાબતે વાંધા-તકરાર હોય તો નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી અન્યથા તેવુ કંઈ નથી અને હશે તો તે જતા ચાને વેઈવ કરેલ છે, તેમ માની અમારા અસીલ તેના નામે ચડાવવા પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી કરશે અને ત્યાર બાદ કોઈના વાંધા-તકરાર કે અન્ય રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં તેમજ અમારા અસીલને બંધનકારક રહેશે નહીં જેની સર્વે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

જામનગર
તા.૦૬-૧૨-૨૦૨૫

દિલીપ જી. ભોજાણી - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
**દિલીપ જી. ભોજાણી - એડવોકેટ**
કિષ્ના, હરિયા સ્કૂલ સામે,
ઈન્દિરા રોડ, જામનગર. ફોન: ૦૨૮૮ ૨૭૧૬૫૫

## :: જાહેર નોટીસ ::

આથી, સર્વે લોકોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

શ્રી ગુજરાત રાજયના, ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ જામનગરના શહેર જામનગરમાં, મહાનગરપાલિકાની હદમાં, સુમેર કલબ રોડ ઉપર, હાથી કોલોની પાછળ, ભનજી ભાણજીની વાડી તરીકે ઓળખાતા વિસ્તારમાં, રણજીતનગર સામે, પટેલ સમાજ નજીક આવેલ રે.સ.નં. ૬/૨ વાળી બિનખેતીની જમીનમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૧૭/એ વાળી જગ્યા જે સિટી સર્વે કચેરી જામનગરમાં વોર્ડ નં.૧૫, શીટ નં.૩૪૦, સિટી સર્વે નં.૪૪૪૩ થી નોંધાયેલ છે, કોમર્શિયલ હેતુ માટેનું બિલ્ડીંગને ''સિદ્ધિ વિનાયક બિઝનેસ સેન્ટર'' નામના બિલ્ડીંગના ફ્રીકથ ફલોરમાં આવેલ ઓફીસ નં.૫૦૪ વાળી મિલકત જેનું સુપર બિલ્ડઅપ ચો.મી. ૬૦.૮૭ થાય છે. જે હાલના જગ્યાના માલિક/કબજેદાર મેહુલભાઈ રતીલાલ કડેચા છે, તેઓ પાસેથી અમારા અસીલ મજકુર મિલકત સંપૂર્ણ ટાઇટલની કલીયરની શરતે ખરીદ કરવા માંગતા હોય, મજકુર મિલકતના માલિક પાસેથી વેચાણથી લેવા નકકી કરેલ છે.

ઉપરોકત મજકુર મિલકતના વેચાણ વ્યવહાર અંગે કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, સરકારી કે અર્ધ-સરકારી કચેરી, ખાનગી, સરકારી, સહકારી બેંકનું લીયન કે વાંધો તકરાર વિવાદ હોય કે આ મજકુર મિલકત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, બોજો કે ચાર્જ હોય કે મજકુર મિલકત ઉપર અન્ય કોઇપણ વ્યકિતનો કબજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમારી ઓફિસના સરનામે લેખીત આધાર પુરાવા, વાંધાઓ રજુ કરવા, જો નિયત મુદ્દતમાં કોઈ વાંધો લેવામાં નહી આવે તો કોઇપણને વાંધો તકરાર નથી અથવા હોય તો પણ તે જતા (વેઇવ) કરેલ છે, તેમ માની અમારા અસીલ શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે આ મજકુર મિલકતનો પોતાના જોગનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈપણ વાંધો તકરાર લેવામાં આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની નોંધ લેશો.

જામનગર
તા.૦૬-૧૨-૨૦૨૫

જીગુલ સી. વોરા - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
**જીગુલ સી. વોરા - એડવોકેટ**
ઓફિસ: જૈન પ્રવાસી ગ્રહ, લાલ બંગલા રોડ,
એસબીઆઈ બેંક સામે, જામનગર. : મોબાઈલ: ૯૮૯૮૩ ૯૭૬૬૨ :

## સંક્ષિપ્ત સમાચાર

- ★ યુરોપિયન યુનિયને ડિજિટલ સેવાઓના નિયમોના ઉલ્લંઘન બદલ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' ને રૂા. ૧૨૬૦ કરોડનો દંડ ફટકાર્યો.
- ★ મની લોન્ડરીંગ કેસમાં ઈડીએ અનિલ અંબાણી ગ્રુપની રૂા. ૧૧૨૦ કરોડની સંપત્તિ જપ્ત કરી.
- ★ દેશમાં સ્માર્ટ સિટી મિશન હેઠળ કુલ ૯૫ ટકા પ્રોજેક્ટ પૂર્ણ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ અગ્રેસર.
- ★ વૈજ્ઞાનિકોએ એઆઈનો ઉપયોગ કરીને વિશ્વના પ્રથમ પાર્ક 'ચેલોસ્ટોન' નીચે ભૂકંપના ૮૬૦૦૦ આંચકા શોધ્યા.
- ★ ડોપ ટેસ્ટમાં ફેલ થતા એશિયન ગેમ્સની પૂર્વ ગોલ્ડ મેડાલિસ્ટ સીમા પુનિયા પર ૧૬ મહિનાનો પ્રતિબંધ લગાવાયો.

### જિલ્લાની વાણિજ્યક સંસ્થાઓને

# 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' સૂત્રને સહકાર આપવા અનુરોધ

જામનગર તા. ૬: વડાપ્રધાનના આત્મ નિર્ભર ભારત અભિયાન અંતર્ગત હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના સૂત્રને સાર્થક કરવા જામનગર ઈન્ચાર્જ મદદનીશ શ્રમ આયુક્ત એ.કે. શિહોરાએ જામનગર જિલ્લાની વાણિજ્યક સંસ્થાઓને સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અભિયાનથી દેશમાં ઉદ્યોગો, હસ્તકળા, નાના વેપારીઓ અને સ્થાનિક ઉત્પાદકોને મજબૂત બનાવી શકાય. આ ઉપરાંત સ્થાનિક કારીગરો, હસ્તકળા કર્મચારીઓ, નાના વેપારીઓ, હેન્ડલૂમ-હસ્તશિલ્પ ઉદ્યોગો, એમએસએમઈ ઉદ્યોગો માટે વિકાસ અને રોજગાર વધારવાનો પ્રયાસ કરવાનો છે. સ્થાનિક અને ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા તેમજ વોકલ ફોર લોકલના વિચારને મજબૂત કરવા તેમણે અનુરોધ કર્યો છે.


**PGVCL પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
શહેર વિભાગ – ૧, જામનગર
જામ/શહેર પ્રેસ/ટેક/૨૦૨૫/૧૦૬૫

**:: પાવર બંધ રહેવાની નોટીસ ::**

આથી વીજ પુરવઠો મેળવતા અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, કોઈપણ જાતના અકસ્માત ન થાય તે માટે વીજલાઈનની અગત્યની કામગીરી, સરકારી સ્કીમની કામગીરી વિગેરે કામગીરી કરવાની હોવાથી નીચે જણાવેલ વિસ્તારોમાં વીજપુરવઠો બંધ રહેશે. કામગીરી પૂર્ણ થયે, નિયત સમયથી પહેલાં પણ, કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો પૂર્વવત કરી દેવામાં આવશે.

**તા.૦૮-૧૨-૨૦૨૫ : સોમવાર : સમયઃ ૮:૦૦ થી ૧૫:૦૦ સુધી**

૧૧ કે.વી. આરામ ફીડરઃ આરામ હોટલ, તાઈપાન કંટ્રકશન, પેલેસ દેરાસરની શેરી, હિંમતનગર શેરી નં. ૧, સેન્ટ ઝેવીયર્સ સ્કૂલ તથા મહિલા કોલેજવાળુ ટેપીંગ આસપાસનો વિગેરે વિસ્તાર.

**તા.૦૯-૧૨-૨૦૨૫ : મંગળવાર : સમયઃ ૮:૦૦ થી ૧૫:૦૦ સુધી**

૧૧ કે.વી. બેડી પોર્ટ ફીડરઃ સંતોષ ટાયર, એક ડે એક બાપુ, જાહેરપીરની દરગાહ, દિવેલીયા ચાલી, બેડી ગામ, થરી ટેપ લાઈન વગેરે વિસ્તાર.

**તા.૧૦-૧૨-૨૦૨૫ : બુધવાર : સમયઃ ૮:૦૦ થી ૧૫:૦૦ સુધી**

૧૧ કે.વી. ક્રિસ્ટલ ફીડરઃ જય કો. ઓ. સોસાયટી, સમુદ્ર સેલ્સ, ખોડીયાર કોલોની સામેનો વિસ્તાર, દિવ્યમ કોમ્પલેક્ષ, રાજનગર, આરામ કોલોની, હિન્દિ સમાજ ભવન, એનઆરઆઈ બંગલો, રોયલ પુષ્પમ પાર્ક, કિશ્રા સ્કૂલ, ખોડિયાર કોલોની શાક માર્કેટ વગેરે વિસ્તાર.

**તા.૧૧-૧૨-૨૦૨૫ : ગુરૂવાર : સમયઃ ૮:૦૦ થી ૧૫:૦૦ સુધી**

૧૧ કે.વી. ડીકેવી ફીડરઃ એસ.બી.એસ. વાળુ ટી.સી, સિદ્ધાર્થ એપાર્ટમેન્ટ, આશાપુરા હોટલ, સેન્ટ આન્સ સ્કૂલ, પટેલ કોલોની શેરી નં. ૧ થી ૧૦, રોડ નં. ૧, લાઈટ હાઉસ, પાવન ડેરી વગેરે વિસ્તાર.

**તા.૧૨-૧૨-૨૦૨૫ : શુકવાર : સમયઃ ૮:૦૦ થી ૧૫:૦૦ સુધી**

૧૧ કે.વી. ન્યૂ ભારત ફીડરઃ એમરી ઈન્ડિયા, ડ્યુ લાઈટ રબ્બર, રામનગર ઢાળીયો, એનર્જી મશીન, ભારત મશીન, ન્યૂ ભારત એનર્જી, પ્રાઈમ સ્કૂલ, ઈન્ડિયન એક્ષટ્રેકશન વગેરે વિસ્તાર.

**તા.૧૩-૧૨-૨૦૨૫ : શનિવાર : સમયઃ ૮:૦૦ થી ૧૫:૦૦ સુધી**

૧૧ કે.વી. ગુલાબનગર ફીડરઃ રંગમતીપાર્ક, રવી પાર્ક, પાણીનો ટાંકો, રાજપાર્ક, ગણેશ કોલ્ડ સ્ટોરેજ, જિલ્લા સેવા સદન, નાગેશ્વર વગેરે વિસ્તાર.

**તા.૧૪-૧૨-૨૦૨૫ : રવિવાર : સમયઃ ૮:૦૦ થી ૧૫:૦૦ સુધી**

૧૧ કે.વી. રીંગ-૨ ફીડરઃ લાલ બંગલો, આણદાબાવા સેવા સંસ્થા, સર્કિટ હાઉસ, રાજપૂત પરા, પત્રકાર કોલોની, એસ.બી.આઈ. કોલોની, મકરાણી પાડો, વિનસ એપાર્ટમેન્ટ, લીમડા લાઈન, પાવર હાઉસ કમ્પાઉન્ડ વગેરે વિસ્તાર.

**નોંધઃ અનિવાર્ય સંજોગોના કારણે શટડાઉન રદ્દ કરવામાં આવશે તો તેની કોઈપણ જાતની જાણ કરવામાં આવશે નહીં. કામગીરી પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.**

કાર્યપાલક ઈજનેર,
શહેર વિભાગ-૧, પીજીવીસીએલ જામનગર

"વીજળીની બચત એ પણ વીજ ઉત્પાદન"